EDII

Gujarat Samachar (Plus)

March 2, 2017
Page No.1

### ઈડીઆઈઆઈએ ગુજરાતમાં ૧૪ બાયોટેકનોપ્રિનિયર્સ તૈયાર કર્યા

# બાયોટેકનોપ્રિન્યોર્સ કૃષિ, આરોગ્ય, પર્યાવરણના પડકારોના ઉકેલ માટે આશાનું કિરણ સાબિત થશે

ઈડીઆઈઆઈએ છેલ્લાં થોડાં વર્ષોમાં ૧૪ બાયોટેક્નોપ્રિન્યોર્સ તૈયાર કર્યા છે. આ પ્રોગ્રામ અંતગ્રત બાયોટેકનોલોજી, ફાર્માસ્યુટીકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓ તેમજ પ્રોફેશનલ્સને તાલીમ આપે છે. આ પ્રોગ્રામને ગુજરાત સરકારના ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશનનો સહયોગ પ્રાપ્ત છે. આ પ્રોગ્રામ અંગે વિગતો આપતા ઈડીઆઈઆઈના પ્રોગ્રામ ડિરેક્ટર અને સિનિયર ફેકલ્ટી બિપિન શાહ જણાવે છે કે, '૧૦ મહિનાનો આ ખાસ પ્રોગ્રામ વ્યવહારુ અને શૈક્ષણિક જ્ઞાન આપે છે. આ પ્રોગ્રામથી પાર્ટીસિપન્ટ્સ બાયોટેકનોલોજી એન્ટરપ્રિન્યોશીપ અંગે કારોબારની ઝીણવટભરી વિગત જાણી શકે છે. આ પ્રોગ્રામનો ઉદ્દેશ બાયોટેક બિઝનેસને સહયોગ આપીને સમાજના સાતત્યપૂર્ણ વિકાસમાં યોગદાન આપવાનો છે.'

ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડો. સુનિલ શુકલાએ આ અંગે જણાવ્યું હતું કે, 'વ્યક્તિ જન્મથી ઉદ્યોગ સાહસિક હોય તે જરૂરી નથી પરંતુ વ્યક્તિનો વિકાસ અને તેને યોગ્ય માર્ગદર્શન મળે તો તે ઉદ્યોગ સાહસિક બની શકે છે. આ પ્રોગ્રામ દ્વારા તૈયાર થયેલા ઉદ્યોગ સાહસિકો કૃષિ, આરોગ્ય, પર્યાવરણ અને ઉર્જા ક્ષેત્રે સર્જાયેલા પડકારોના ઉકેલ માટે આશાનું કિરણ સાબિત થશે.'

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં બાયોટેકનોલોજી ઉદ્યોગનું કદ આશરે રૂ ૪૦૦૦ કરોડનું છે. ફાર્માસ્યુટીકલ અને હેલ્થકેર સેક્ટર ઉદ્યોગમાં બાયોટેકનોલોજી ૪૬ ટકા એટલે કે રૂ ૧૮૨૩ કરોડનો હિસ્સો ધરાવે છે. જ્યારે એગ્રીકલ્ચર બાયોટેકનોલોજી ક્ષેત્રનો હિસ્સો આશરે ૨૧ ટકા એટલે કે રૂ ૮૩૪ કરોડ જેટલો છે. ગુજરાતમાં ૧૫૪ રજિસ્ટર્ડ બાયોટેકનોલોજી કંપનીઓ છે, જેમાંથી ૨૧ કંપનીઓની આવક રૂ ૫૦ કરોડ અને ૫૦૦ કરોડ વચ્ચે છે.